# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-03-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

---

- લોકસભાની પહેલા તબક્કાની 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.
- હવામાન વિભાગની આગાહીના પગલે કેન્દ્રીય ચૂંટણીપંચે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને સૂચના આપી છે.
- ચૂંટણીપંચની સી-વીજીલ એપ દ્વારા આચારસંહિતા ભગંની અમદાવાદમાં 52 અને વડોદરામાં 29 ફરિયાદ નોંધાઇ – ફરિયાદોનું સમયમર્યાદામાં નિરાકરણ કરાયું.
- અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા રાય યુનિવર્સિટી સાથે મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગિતા અંગે MoU કરવામાં આવ્યા.
- રાજયમાં આરટીઇ પ્રવેશ પ્રક્રિયા 2024-25 અંતર્ગત પ્રવેશ મેળવવા માટે અરજી કરવાની સમયમર્યાદા વધારીને 30મી માર્ચ કરવામાં આવી છે.
- અમદાવાદ રેલવે સ્ટેશને પુનઃવિકાસ કામગીરી શરૂ થવાથી અમદાવાદ સ્ટેશનથી ઉપડતી કેટલીક ટ્રેનોને હવે સાબરમતી અને ગાંધીનગરથી સ્ટેશનથી ચલાવાશે.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## LOKSABHA ELECTION

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.

પહેલા તબક્કા માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજયો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે.

પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિળનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જયારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકની પાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, સંબંધિત રાજયોમાં આવેલા સંવેદનશીલ મતદાન મથકોએ વેબકાસ્ટીંગ ઉપરાંત દેશભરમા ચેકપોઇન્ટ ઉભા કરવા, ડ્રોન દ્વારા સરહદી વિસ્તારમાં દેખરેખ રાખવી સહિતના પગલાં લેવાશે.

## EC---ADVISORY

કેન્દ્રીય ચૂંટણીપંચે હવામાન વિભાગ દ્વારા આગામી ઉનાળાની ઋતુમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઘણી જગ્યાએ વધુ રહેવાની કરેલી આગાહીને ધ્યાનમાં રાખીને લોકસભાની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

ચૂંટણી પંચે તમામ મતદાન મથકોએ મતદારો માટે ખાસ શેડ તેમજ પીવાના પાણીની સુવિધા સહિત પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સૂચના આપી છે. આ ઉપરાંચ ચૂંટણી પંચે ગરમીના મોજાના તેમજ આકરા તાપના સમયગાળામાં દરેક નાગરિકે શી તકેદારી રાખવી તેની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન

સત્તામંડળ - NDMA દ્વારા અપાયેલી સૂચનાઓ દેશના બધા જ ચૂંટણી અધિકારીઓને મોકલી છે.

ઉલ્લેખનીય છે કે NDMA એ ગરમીના મોજાની સંભવિત અસર ઘટાડવા બપોરના 12 થી 3 દરમિયાન અગત્યના કામ સિવાય તાપમાં નહીં નીકળવાની સૂચના અપાઇ છે.

## EC - CVIGIL APP

ચૂંટણી પંચ સી-વીજીલ એપ દ્વારા ચૂંટણી પ્રક્રિયા પર ચાંપતી નજર રાખી રહ્યું છે. આ એપ દ્વારા આદર્શ આચાર સંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરિયાદો, ફોટા, વીડિયો વગેરે સીધું ચુંટણી પંચને મોકલી શકાશે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે સી-વીજીલ નાગરિકોને આદર્શ આચાર સંહિતા ભંગની જાણ કરવા અને 100 મિનિટની અંદર પગલાં લેવાની ખાતરી આપે છે.

સી-વીજીલ એપ એ જાગૃત નાગરિકોને જિલ્લા કંટ્રોલ રૂમ, રિટર્નિંગ ઓફિસર અને ફ્લાઈંગ સ્કવોડ્સની ટીમો સાથે જોડે છે. આ એપનો ઉપયોગ કરીને નાગરિકો રાજકીય ગેરવર્તણૂકની ઘટનાઓ ઘરે બેઠાં રિટર્નિંગ ઓફિસરને જણાવી શકે છે. સી-વિજીલ એપ પર ફરિયાદ મોકલતાની સાથે જ ફરિયાદીને એક આઇડી પ્રાપ્ત થશે જેના દ્વારા મોબાઈલ પર ફરિયાદને ટ્રેક કરી શકાશે.

## C Vigil Ahmedabad

આચારસંહિતા ભંગ અંગેની ફરિયાદોના નિવારણ માટે સી-વીજીલ મોબાઇલ એપ્લીકેશન અને પોર્ટલ અસરકારક સાબિત થઇ રહ્યું છે.

આચારસંહિતા લાગુ થયા બાદથી એટલે કે, 16થી 25 માર્ચ દરમ્યાન, સી-વીજીલના માધ્યમથી અમદાવાદમાં 52 જેટલી ફરિયાદ નોંધાઇ. જેમાંથી કુલ 47

નિકાલપાત્ર ફરિયાદોમાંથી મોટા ભાગની ફરિયાદોનો 100મીનીટની સમયઅવધિમાં નિકાલ કરાયો છે.

જ્યારે વડોદરા જીલ્લામાં આચારસંહિતા ભંગની 29 જેટલી ફરિયાદો મળી હતી. જે તમામનું સમયમર્યાદામાં નિરાકરણ કરવામાં આવ્યું.

## Lok Sabha Elections - Ahmedabad

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા રાય યુનિવર્સિટી સાથે મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગિતા અંગે MoU કરવામાં આવ્યા

આગામી દિવસોમાં રાય યુનિવર્સિટીના તમામ વિભાગોમાં 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમોનું આયોજન કરી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત આગામી દિવસોમાં શહેર-જિલ્લાની વધુમાં વધુ શૈક્ષિણક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં યુવા મતદારોની સક્રિય ભાગીદારી વધે તે સંદર્ભે MoU કરવામાં આવશે.

## elections

રાજય વિધાનસભાની ખાલી પડેલી માટે બેઠકોની પેટાચૂંટણી માટે ભાજપે તેના ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

જેમાં વિજાપુર બેઠક પરથી ડૉ.ચતુરસિંહ ચાવડા, પોરબંદર બેઠક પરથી અર્જુનભાઇ મોઢવાડિયા, માણાવદર બેઠક પરથી અરવિંદ લાડાણી, ખંભાત પરથી ચિરાગ પટેલ અને વાઘોડિયા બેઠક પરથી ધર્મેન્દ્રસિંહ વાઘેલા ચુંટણી લડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ગુજરાતની તમામ 26 બેઠકો માટે સાતમી મે ના રોજ એક જ તબક્કામાં મતદાન થશે. આ ઉપરાંત રાજ્યની વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે પેટાચૂંટણી પણ એ જ દિવસે

યોજાશે. 12મી એપ્રિલે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવશે અને 19મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે.

રાજ્યમાં 50 હજાર 600થી વધુ મતદાન મથકો પર મતદાન થશે. ચૂંટણી માટે મતદાન મથકના કર્મચારીઓને તાલીમ આપવામાં આવી રહી છે. ચૂંટણી પંચ દ્વારા આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા માટે સમગ્ર તંત્રને આદેશો આપ્યા છે.

ચૂંટણી પંચે રાજ્યના તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજીને આદર્શ આચારસંહિતાના કડક પાલન માટે માર્ગદર્શિકા આપી છે. ચૂંટણી સંબંધિત કોઈપણ ફરિયાદના નિવારણ માટે પંચ દ્વારા રાજ્યમાં કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યો છે. ચૂંટણી ખર્ચ પર નજર રાખવા અને નિયંત્રણ કરવા માટે ચૂંટણી ખર્ચ નિરીક્ષક દ્વારા રાજ્યભરમાં ફ્લાઈંગ સ્કવોડ પણ તૈનાત કરવામાં આવી છે. વધુને વધુ લોકો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લે અને ખાસ કરીને યુવા મતદારો મોટી સંખ્યામાં મતદાન કરે તે માટે ચૂંટણી પંચ દ્વારા જનજાગૃતિના વ્યાપક કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે.

## RTE

રાજયમાં આરટીઇ પ્રવેશ પ્રક્રિયા 2024-25 અંતર્ગત પ્રવેશ મેળવવા માટે અરજી કરવાની સમયમર્યાદા વધારીને 30મી માર્ચ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આરટીઇ એક્ટ એટલે કે, નબળા અને વંચિત જૂથના બાળકે બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં આગામી શૈક્ષણિક વર્ષ 2024-25માં નવા સત્ર માટે ઓનલાઇન અરજી કરવાની તારીખ 14મી માર્ચથી 26મી માર્ચ સુધી કરવામાં આવી હતી. જો કે, તહેવારોમાં જાહેર રજાઓના કારણે અરજદારોને આવક અને જાતિના દાખલા વગેરે જેવા આધારો મેળવવામાં વિલંબ થતો હોવાના કારણે આરટીઇ હેઠળ પ્રવેશ મેળવવાની અરજીની તારીખ લંબાવવામાં આવી છે.

## RAILWAY- TERMINAL CHANGE

અમદાવાદ સ્ટેશનને પુનઃવિકસિત કરવાની ચાલી રહેલી કામગીરીને ધ્યાનમાં લઇને અમદાવાદ સ્ટેશનથી ઉપડતી કેટલીક ટ્રેનોને આજથી તબક્કાવાર ગાંધીનગર અથવા સાબરમતી સ્ટેશનેથી ચલાવવામાં આવશે.

અમદાવાદ-નવી દિલ્લી સુવર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસ, માતા વૈષ્ણો દેવી કટરા-અમદાવાદ અઠવાડિક એક્સપ્રેસ સહિત છ જોડી ટ્રેનો સાબરમતીથી જ્યારે અમદાવાદ-વેરાવળ સુપરફાસ્ટ એક્સપ્રેસ, અમદાવાદ – જમ્મૂ તવી એક્સપ્રેસ સહિત ત્રણ જોડી ટ્રેનો ગાંધીનગર રેલવે સ્ટેશનેથી ચલાવવામાં આવશે.

અમદાવાદ સુલતાનપુર અઠવાડિક સુપરફાસ્ટ ટ્રેન આજે 26 માર્ચે સાબરમતી સ્ટેશનથી રાતના 8.20થી ઉપડશે. એવી જ રીતે અમદાવાદ આવનારી સુલતાનપુર અમદાવાદ સુપરફાસ્ટ ટ્રેન આવતીકાલ 27મી માર્ચે સાબરમથી સ્ટેશન સુધી ચલાવાશે. બાકીની ટ્રેનોનું સંચાલન તબક્કાવાર ગાંધીનગર અથવા સાબરમતી સ્ટેશનેથી થશે.

## Bullet Train

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે પવનની ગતિની દેખરેખ માટે ગુજરાતના નવ અને મહારાષ્ટ્રના પાંચ એમ કુલ 14 સ્થળોએ એનેમોમીટર લગાવવામાં આવશે. આ ઉપકરણ ખાસ કરીને પવનની ગતિ પર નજર રાખશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુંબઇ અમદાવાદ બુલેટ ટ્રેન કોરીડોર દેશના પશ્ચિમ ભાગમાં આવેલા દરિયાકિનારાના પશ્ચિમ ભાગોમાંથી પસાર થશે. જયાં જોરદાર પવન વાયડક્ટ પર ટ્રેનની કામગીરીને અસર કરવાની સંભાવના ધરાવે છે. જે માટે પવનની ગતિનો ડેટા પૂરો પાડવા માટે એનેમોમીટર ડીઝાઇન કરવામાં આવેલ છે. જે નદીના પુલો અને તીવ્ર પવનથી ગ્રસ્ત વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરશે.